# વિદ્યુત લોકપાલ,ગુજરાત રાજ્ય,

પોલીટેકનીક કમ્પાઉન્ડ, બીલ્ડીંગ નં.૩, આંબાવાડી
અમદાવાદ-૩૮૦૦૧૫
સમક્ષ

**કેસ નં ૮૩/૨૦૧૦**

**અરજદાર:** શ્રી મનોજભાઇ રતીલાલ ઠક્કર
"ગોડગીફ્ટ",બીજા માળે,
રણછોડવાડી સામે, કુવાડવા રોડ,
ભુષણ સ્કુલની બાજુમાં, રાજકોટ-૩૬૦૦૦૩

**રજૂઆત કરનાર:** ૧. શ્રી મનોજભાઇ રતીલાલ ઠક્કર

**વિરુધ્ધ**

**સામાવાળા:** નાયબ ઇજનેર,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.,
ગ્રામ્ય પેટા-વિભાગીય કચેરી,દુધસાગર રોડ,
રાજકોટ.

**રજૂઆત કરનાર:** ૧. શ્રી કે.પી.જાડેજા
નાયબ ઇજનેર,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.,
ગ્રામ્ય પેટા-વિભાગીય કચેરી,દુધસાગર રોડ,
રાજકોટ.

## :: ચુકાદો ::

૧. અરજદારે પશ્ચિમ ગુજરાત વાજ કંપની લિમીટેડના ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, રાજકોટના કેસ નં.૧૨/ક્વાર્ટર-III ના ચુકાદા નં. ૯૫૦૪ તા. ૨૭.૦૮.૨૦૧૦થી નારાજ થઇ આ કચેરીમાં રજૂઆત કરેલ છે. જેન અત્રે કેસ નં. ૮૩/૨૦૧૦ તરીક નોંધેલ છે.

**૨.૦.** આ કેસની ટૂંકમાં વિગત નીચે મુજબ છે.

૨.૧. અરજદાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડના ૯ હોર્સપાવરના કરારીત વીજભારના ઔધોગીક ગ્રાહક છે, જેનો ગ્રાહક નં. ૩૪૫૫૮/૦૧૨૭૦/૫ છે. આ વીજ જોડાણ પ્લોટ નં.૪૩,જી.આઇ.ડી.સી., કુવાડવા, રાજકોટમાં આવેલું છે અને કોસ્મેટીક વસ્તુઓની બનાવટો બનાવવાનું કારખાનું છે.

૨.૨. સામાવાળા ધ્વારા એનેલોગ મીટરને બદલાવી ડીજીટલ મીટર મૂકવાના કાર્યક્રમ હેઠળ આ વીજ જોડાણનું મીટર તા. ૨૪.૦૩.૨૦૦૯ના રોજ બદલવામાં આવ્યું અને તેને ચેક સીટ નં. ૭૮૨૬૯ મુજબ પેપર સીલ કરવામાં આવ્યું.

૨.૩. આ મીટરને લેબોરેટરીમાં અરજદારની હાજરીમાં ચકાસણી કરવા તા. ૦૯.૦૬.૨૦૦૯, ૧૬.૦૬.૨૦૦૯, ૨૩.૦૬.૨૦૦૯ તથા ૩૦.૦૬.૨૦૦૯ આપવામાં આવી, પરંતું અરજદાર

હાજર ન રહેતાં તે મીટરની ચકાસણી તા. ૦૭.૦૭.૨૦૦૯ના રોજ કરી. રીપોર્ટમાં નોંધ્યા મુજબ "આર" તથા "બી" ફેઇઝની પોટેન્સીયલ કોઇલ બળેલી હોવાથી તેમજ લોડ ટેસ્ટ કરતાં મીટર ધીમું ફરતું હોવાનું માલુમ પડયું.

૨.૪. લેબોરેટરી રીપોર્ટને આધારે અરજદારને તા. ૦૩.૦૯.૨૦૦૯ના રોજ રુપિયા ૨૩૫૯૫.૪૯ નું ૫૩૪૫ યુનીટનું એક વર્ષનું પૂરવણી બીલ આપવામાં આવ્યું.

૨.૫. પેરા નં. ૨.૪ના બીલ સામે અરજદારે મીટર બદલાવ્યા પહેલાંના અને મીટર બદલ્યા પછીના વીજ વપરાશમાં કોઇ મોટો તફાવત ન આવવાની રજુઆત સાથે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, રાજકોટને રજુઆત કરી.

૨.૬. ગ્રાહક તકરાર નિવારણ ફોરમે ઇલેક્ટ્રીસીટી સપ્લાય કોડ અને રીલેટેડ મેટર્સ રેગ્યુલેશન ૬.૧.૮ મુજબ પૂરવણી બીલને છ માસનું આપવા આદેશ આપ્યો. તે મુજબ ૩૩૮૪ યુનીટનું રુપિયા ૧૬૫૩૯.૯૭નું સુધારેલું પૂરવણી બીલ તા. ૨૩.૦૮.૨૦૧૦ના રોજ અરજદારને આપવામાં આવ્યું.

૨.૭. આ બીલથી નારાજ થઇ, આ બીલ પેટે અરજદારે રુપિયા ૫૫૧૫.૦૦, રસિદ નં. ૩૮૬૩૦૯, તા. ૧૩.૧૦.૨૦૧૦ના રોજ ભરી અને અત્રેની ઓફિસે રજુઆત કરી, જેની સુનાવણી તા. ૦૨.૧૨.૨૦૧૦ના રોજ રાખવામાં આવી.

૩.૦. સુનાવણી દરમિયાન અરજદાર ધ્વારા લેખીત તથા મૌખિક નીચે મુજબ રજુઆત કરવામાં આવી.

૩.૧. અરજદારે પેરા નં. ૨.૫ મુજબ રજુઆત કરી તેમજ મીટર બદલ્યું તે વખતે અથવા તેના અઠવાડીયાના સમયમાં મીટરમાં કોઇ ખામી સર્જાઇ હોઇ શકે જેને કારણે પોટેન્સીયલ કોઇલ બળી હોય.

૩.૨. મીટર બદલ્યા પહેલાંના અને મીટર બદલ્યા પછીના વીજ વપરાશમાં મોટો તફાવત નથી તદ ઉપરીત ફેક્ટરીના ઉત્પાદનના આંકડા મુજબ ફેક્ટરી ઉત્પાદન અને વીજ વપરાશ અનુસાંગીક છે.

૩.૩. રજુઆતના અંતે અરજદારે વિનંતી કરી કે છ માસના ગાળાનું પુરવણી બીલ તેમને માન્ય નથી માટે યોગ્ય ન્યાય આપશો.

૪.૦. સુનાવણી દરમિયાન સામેવાળાએ નીચે મુજબ રજુઆત કરી.

૪.૧. પેરા નં.૨ ની વિગતો સામેવાળાએ ફરીથી દોહરાવી.

૪.૨. એનેલોગ મીટર બદલતી વખતે સ્થળ ઉપર કોઇ ટેસ્ટ લેવામાં આવ્યા નથી.

૪.૩. અરજદારને ચાર વખત જણાવ્યા છતાં તેઓ લેબોરેટરીમાં હાજર ન રહેવાથી એક તરફી ચકાસણીમાં બે ફેઇઝની પોટેન્સીયલ કોઇલ બળી જતાં મીટર ૭૦ ટકા ધીમુ ફરે તેથી તે મુજબનું પુરવણી બીલ આપવામાં આવ્યું.

૪.૪. ગ્રાહકનો વીજ વપરાશ દરમાસે અલગ અલગ જથ્થામાં છે, માટે વીજ વપરાશ આંકડાથા પણ મીટરના ધીમાપણાના સમયનો અંદાજ બાંધી શકાય તેમ નથી.

૪.૫. એનેલોગ મીટર હોવાથી મીટરમાં ક્યારે ખામી સર્જાયેલ હશે તે સમય ગાળો નક્કી થઇ શકે તેમ નથી, માટે પેરા નં. ૨.૬ પ્રમાણે અપાયેલ સુધારલ પુરવણી બીલ નિયમ મુજબનું છે અને ભરવા પાત્ર છે.

૫.0. અરજદાર તથા સામાવાળાની રજુઆત તથા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી નીચે મુજબના તારણો ઉપર આવી શકાય છે.

૫.૧. અરજદારે મીટર ચકાસણી વખતે હાજર રહેવા કાળજી લીધી નથી.

૫.૨. ટેસ્ટીંગ લેબોરેટરીમાં ૧0 અમ્પીયર વીજ પ્રવાહ આપી અક્યુચેક મીટરથી સદર મીટરનું ધીમાપણુ નક્કી કરેલ છે.

૫.૩. અરજદારને આપવામાં આવેલ પુરવણી બીલ યોગ્ય છે અને ભરવા પાત્ર છે. પુરવણી બીલ ઉપર વિલંબીત ભરણાનો ચાર્જ વસુલ ન કરવો.

૫.૪. આથી આ રીતે હુકમ કરવામાં આવે છે.

૫.૫. ખર્ચ અંગે કોઇ ચુકાદો નથી.

૫.૬. અરજદારની અરજી આ સાથે કેંસલ કરવામાં આવે છે.

(વી.ટી.રાજપરા)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ

અમદાવાદ
તા.૧૬.૧૨.૨0૧0